R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

APRIL - 2017

Total - 36 Pages

Vol No. 61 Issue No. 1

## સદ્‌ગુરુ ની સત્‌વાણી

દૂધ અને પાણી બંનેને ભેગાં કરીએ તો તે બંને એકબીજામાં ભળી જાય છે. પછી તે છૂટાં પાડી શકાતાં નથી. પરંતુ જો દૂધનું દહીં કરી તેને વલોવી છાશ બનાવી માખણ કાઢીએ અને તેને પાણીમાં મૂકીએ તો તે પાણીમાં ભળી જશે નહીં. આપણું મન પણ આ દૂધ જેવું છે. તેને આ દુનિયારૂપી પાણીમાં સીધેસીધું જો ભેળવશો તો તે સહેલાઈથી એમાં ભળી જશે. સંસારરૂપી જળ જો દુન્યવી વાસનાઓથી મલિન થયેલું હશે તો એ મલિનતાનો પાશ મનરૂપી દૂધને પણ લાગ્યા વગર રહેશે નહીં. સંસારી જળ જો કડવા અનુભવોથી કડવું અને ખોટા અનુભવોથી ખાટું થયેલું હશે તો તમારું મનરૂપી દૂધ એમાં ભળતાં જ કાંતો કડવાશથી બેસ્વાદ થઈ જશે અને કાંતો ખટાશ થી ફાટી જશે. પરંતુ જો જીવનના સુખદ-દુઃખદ અનુભવોને વલોવી ને નીર-ક્ષીર વૃત્તિ રાખશો અને સારરૂપ માખણને જુદું તારવી લેતાં શીખી જશો તો, દુનિયાદારીમાં ભળવા છતાં, સાંસારિક-વ્યવહારિક ગતિવિધિઓમાં રચ્યાપચ્યા રહેવા છતાં, તમારું મન એમાં ભળી જશે નહીં. તેના પર દુનિયારૂપી જળની કોઈ અસર થશે નહીં. સંસારમાં રહેવા છતાં અને ફરજના એક ભાગરૂપે દુનિયાદારીનાં કર્મો કરવા છતાં તમે એમાંથી નિર્લેપ રહી શકશો. જેવું જીવન જનક વિદેહી જીવી શક્યા, ભારતના સાંસારિક સંતો જીવી શક્યા તેવું જીવન તમે પણ જીવી શકશો.એ માટે તમે કેવળ મનરૂપી દૂધને માખણમાં પરિવર્તિત કેમ કરી શકાય એટલું જ શીખવાનું છે અને મનને આવું બનાવવાની શક્તિ યોગ, સ્વાધ્યાય, આધ્યાત્મમાં છે. – સંકલન

# SHREE BALASINOR NAVYUVAK SANGH
## NOTICE OF 66th ANNUAL GENERAL MEETING

Date : 21/4/2017,

To,
All Members,

Notice is here by given that 66th Annual General Meeting of Shree Balasinor Navyuvak Sangh will be held under the presidentship of Shri Kalpesh Suresh Dharia (Balbal) on Sunday 28th May, 2017 at 5.00P.M at Shri Mohanlal Sankerlal Shah (Zat) Sabhagruh BNS Office to transact following Businesses on the agenda.

## AGENDA FOR THE MEETING

1. **To read, confirm and approve the minutes of the 66th Annual General Meeting held on 26th June 2016.**
2. **To receive, consider and adopt the managing committee report for the year 2016-2017.**
3. **To receive, consider and adopt the audited Accounts of the Sangh for the year ended 31st March 2017.**
4. **To appoint the Auditor for the year 2017-2018 and fix his remuneration.**
5. **To pass the resolution for change/amendment in constitution for having one ex-officio post who is immediate Ex-President of last managing committee having same tenure as that of new managing committee**
6. **To distribute the education prizes under the scheme named Smt Shantaben Shantilal Shah (Choksi) Annual Educational Prize Distribution Scheme.**
7. **To Distribute the prizes of Shri Surendra Parikh (Surendra Trading Corporation) & Shri Daxeshbhai / Shri Minishbhai Kadakia Indoor Sports Activity.**
8. **To announce the result of the election of the members of the managing committee for the year 2017-2022 and to consider suggestion if any from the election commissioner.**
9. **Any other matter from the desk of President.**
10. **President Address.**

**NOTES**

1) If the meeting is adjourned for want of Quorum the same will be held on the same day at the same place after half an hour of the appointed time and the adjourned meeting will transact the business on the agenda, irrespective of whether there is Quorum or not.
2) All Members are requested to be present for the meeting on time.

**Hon Secretary-**
**Bhavesh Bipin Modi (Thasrawala)**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૧ | ૧ | ૨૧-૪-૨૦૧૭ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
મનીષા નિ. શાહ



પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

### મનમાં પડેલી ગાંઠ
# લઘુતા ગ્રંથિ

- **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

જ્યારે કોઈ વ્યક્તિ પોતાની ખામીને નકારાત્મક રીતે જુએ છે ત્યારે તે લઘુતાગ્રંથિનો અનુભવ કરે છે. લઘુતાગ્રંથિ, શરમાળપણું અનુભવતા લોકો બહારના લોકોનું સંપર્ક સાધવાનું ટાળે છે. કોઈ પૈસાનો, કોઈ બુદ્ધિનો, કોઈ સુંદરતાનો, કોઈ જ્ઞાનનો વગેરેનો વિચાર કરી લોકોથી દૂર રહે છે, લઘુતાગ્રંથિનો અનુભવ કરે છે.

બાળપણમાં જો બાળકને રમકડાં, આયાને સહારે છોડી દીધો હોય, વિચારોની અભિવ્યક્તિનો સમય ન આપ્યો હોય, કોઈ જાતનું પ્રોત્સાહન ન આપ્યું હોય, તેના શોખ પ્રત્યે માતા-પિતાએ અવગણના કરી હોય ત્યારે બાળક નિરુત્સાહી બની શરમાળ બને છે. મોટી ઉંમરે પણ શરમાળપણાનો ત્યાગ કરી શક્તો નથી. આ શરમાળપણું, લઘુતાગ્રંથિ જીવનમાં સફળતા માટે અવરોધરૂપ બને છે. શરમાળપણાને કારણે વ્યક્તિ પોતાનો હક્ક રજૂ કરી શક્તી નથી. અન્યાય સામે અવાજ ઉઠાવી શકતી નથી. લોકો તેનો ગેરલાભ લઈ શકે છે. આવી વ્યક્તિ પોતાનો વિશ્વાસ ગુમાવી દે છે. પોતાની શક્તિઓનો ઉપયોગ કરી શક્તી નથી, લોકોથી દૂર રહેવાના પ્રયત્ન કરે છે. આવી વ્યક્તિઓનો સ્વભાવ બગડી શકે છે. તેનું વર્તન આશ્ચર્યજનક બની શકે છે. તેના વ્યક્તિત્વમાં નકારાત્મક વલણ આવી શકે છે.

શરમાળપણું, લઘુતાગ્રંથિ અનુભવતા લોકો ભવિષ્યમાં કેવા બની શકે છે ? કોઈ વ્યક્તિ આંતર્મુખી બની જાય છે. કોઈ ઈર્ષાળુ બની જાય છે, બડાઈખોર બને છે, નિરાશાવાદી, તોફાની, દલીલબાજ, ક્રોધી બને

છે. આવી વ્યક્તિઓનું વર્તન આશ્ચર્યજનક હોઈ શકે છે. વ્યક્તિ પાસે અજવાળામાં બતાવવા જેવું કંઈ હોય નહીં ત્યારે લઘુતાગ્રંથિનો શિકાર બની અંધારામાં મોં છુપાવી ગમે તેવી કોમેન્ટ્સ કરી પોતાની લઘુતાગ્રંથિ દબાવવાનો નિષ્ફળ પ્રયાસ કરે છે. આવી વ્યક્તિ આળસુ બની શકે છે, તેમનામાં હાસ્યવૃત્તિનો અભાવ થઈ શકે છે.

લઘુતાગ્રંથિ ઉદ્‌ભવવાનાં અનેક કારણો હોઈ શકે. 'મારું ઘર નાનું છે''મારાં માતા પિતા સામાન્ય છે. હું ખૂબ જ ગરીબ કુટુંબમાંથી આવું છું. ઘરની કોઈ વ્યક્તિમાં રહેલી ખામીથી પોતે સંકોચ અનુભવે છે. પોતાના ઘરે બીજાને લઈ જતાં સંકોચ અનુભવે છે અને લઘુતાગ્રંથિથી પીડાય છે.નિષ્ફળતા, નકારાત્મક તુલના, અતિ ભાવુક વ્યક્તિ આ પણ આ માટેના જ કારણ છે. હું શિક્ષક કરતાં વકીલ બન્યો હોત, બેંક કરતાં મલ્ટીનેશનલમાં જોબ કરતો હોય તો સારું થાત આમ વ્યક્તિ જ્યારે પોતાનો વ્યવસાય વખોડે છે, ત્યારે લઘુતા અનુભવે છે. શેખચલ્લીના વિચારો, ભૂતકાળની ભૂલોમાંથી બહાર ન નીકળી શક્તિ વ્યક્તિઓ, હદ વગરનો પસ્તાવો કર્યા કરતી વ્યક્તિઓ લઘુતાનો અનુભવ કરે છે.

હંમેશા લઘુતાગ્રંથિ દૂર કરવા હિંમત રાખો, આત્મવિશ્વાસ કેળવો, સારા વક્તા બનો, સમયનો સદ્‌ઉપયોગ કરો, જીવનમાં વાસ્તવિક અને કાર્યશીલ બનો, આગળ વધો અને કાર્યદક્ષ બનો.

પૈસાથી લઘુતાગ્રંથિ અનુભવતા લોકોએ અને દરેક વ્યક્તિએ પૈસાને સપ્રમાણ મહત્વ આપતાં શીખવું જોઈએ. પૈસો અગત્યનો છે સર્વસ્વ નથી. કોઈ વ્યવસાયી વ્યક્તિ પાસે જાય છે ત્યારે તેનું બેંક બેલેન્સ પૂછતા નથી, પરંતુ તેમનામાં વિશ્વાસ છે માટે જાય છે. ડૉક્ટર માટે ગરીબ, ધનવાન બંને દર્દી સરખા જ હોય છે. કારણ દર્દી મરે તો નામ ડૉક્ટરોનું ખરાબ થાય છે. પૈસા થી એશો આરામ ખરીદી શકાશે પરંતુ પૈસાથી સાચી પ્રતિષ્ઠા, પ્રેમ, લાગણી, બુદ્ધિ અથવા શાણપણ ખરીદી શક્તા નથી. મારી પાસે જ્ઞાન નથી એવો વિચાર છોડી જ્ઞાન મેળવવા પ્રયત્નશીલ બનો. વિદ્વાનોના સંપર્કમાં રહો, પુસ્તકોને મિત્ર બનાવો. તમારી શક્તિઓને ઓળખી એનો વિકાસ કરી સદ્‌ઉપયોગ કરશો તો તમે લઘુતાગ્રંથિમાંથી મુક્ત થશો. લત્તા મંગેશકરને લોકો માન આપે છે તેના અવાજ ને કારણે તો દિલિપકુમાર, ઓમપુરી, નાના પાટેકરને તેના અભિનય ને કારણે સામાન્ય દેખાવ છતાં ગાંધીજી, લાલબહાદુર શાસ્ત્રી, અબ્રાહમ લિંકન અમર બની ગયા. તમારાં કુટુંબને માનની નજરથી જોતાં શીખો. હંમેશા માતા-પિતાને આદર આપો. નિષ્ફળતા એ સફળતાનું સોપાન છે માટે નિષ્ફળતા પચાવતાં શીખો. કોઈ આપણી તુલના કરે તેને બિલકુલ ધ્યાનમાં ન લો. ભાવુકતાને કાબૂમાં રાખી વાસ્તવિક્તામાં જીવતાં શીખો. મજાકને હસી કાઢતાં શીખો અને ઉમદા હાસ્યવૃત્તિ ખિલવો. ઉમદા હાસ્યવૃત્તિ લોકોને તમારી પાસે ખેંચી લાવે છે.

તમારા વ્યવસાયને માનથી જુઓ, તેમાંથી આનંદ મેળવો, ગર્વ અનુભવો, મર્સીડીઝ ગાડીના માલિકને પણ ગાડી બગડે ત્યારે મીકેનીક ઉપર ભરોસો રાખવો પડતો હોય છે. આમ દરેક વ્યવસાયનું મહત્વ છે.

લઘુતાગ્રંથિ અને ગુરુતાગ્રંથિ બંને નુકશાનકર્તા છે. લઘુતાગ્રંથિવાળી વ્યક્તિ લોકોથી દૂર રહે છે જ્યારે ગુરુતાગ્રંથિ ધરાવતી વ્યક્તિથી લોકો દૂર ભાગે છે. બંનેમાં વ્યક્તિને એકલવાયા બનવું પડે છે. વ્યક્તિએ શેખચલ્લીના વિચારો છોડી વર્તમાનમાં અને વાસ્તવિક્તાથી જીવતાં શીખવું જોઈએ. સમતોલ વર્તન જ વ્યક્તિનો વિકાસ કરે છે. લોકોમાં પ્રિય બનાવે છે. આમ લઘુતાગ્રંથિ અથવા ગુરુતાગ્રંથિથી થતાં નુકસાન થી વ્યક્તિ બચી જાય છે અને જીવનમાં સર્વાંગીણ વિકાસ કરી પ્રગતિ કરી શકે છે.

*****

## જાણકારોને યોગ્ય માહિતી પ્રદાન કરવા વિનંતી

**સમાજના લોકોનાં ઉત્કર્ષ માટે તમે 'જ્યોતિપુંજ'ના માધ્યમ દ્વારા સાચી માહિતી પ્રદાન કરો.**

૧) દરેક કુટુંબે ઘરની દરેક વ્યક્તિઓના આધારકાર્ડ તપાસી લેવા. કાર્ડમાં નામ, સરનામા નીચે રેગ્યુલર મોબાઈલ નંબર 'ન' લખ્યો હોય તો ત્વરિત નજીકના આધારકાર્ડ માટેના સેન્ટરમાં જઈ ફોર્મ ભરી મોબાઈલ નંબર ઉમેરાવી દેવો. સરકારની યોજનાઓ અને કાયદા પ્રમાણે ભવિષ્યમાં અંધારામાં ન રહેવાય તે માટે તુરંત પગલાં લેવા.

૨) બેંકમાં કેશિયર પાસેથી કે અન્ય પાસેથી રૂા. ૫૦૦ અને રૂા. ૨૦૦૦ ની નવી નોટો જે લખાણ લખેલ હોય તે ન સ્વીકારવી. રંગવાળી (ગુલાલ વગેરે), લખાણવાળી નોટો બેંકવાળા પણ લેતા નથી.

૩) બાલાસિનોર ખાતે ઘણા કુટુંબોના ઘર 'સંયુક્ત' માલિકી, મેળના છે. ત્યાંના નવા કાયદા પ્રમાણે આવા ઘર વેચતી વખતે દરેક વંશ-વારસદારના અધિકાર તપાસવામાં આવે છે. આમાં પણ ઘરની વ્યક્તિઓ અલગ અલગ જગ્યાએ (દેશમાં, મુંબઈમાં, પરદેશમાં) રહેતી હોય તો ઘર વેચવા પહેલાં વેળાસર જાગી જવું. જાણકારો પાસેથી (વકીલ, એડવોકેટ) માહિતી મેળવી સલાહ, સંપ, વિશ્વાસ થી આખી કાર્યવાહી પાર પાડવી.

૪) દરેક વ્યક્તિ પોતાના ફિલ્ડમાં માસ્ટર હોય છે. સરકારના નવા નવા કાયદા અને યોજનાઓ બાબત સમાજના લોકોના કલ્યાણ માટે માહિતી પ્રદાન કરી જાગ્રત કરવા.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘને મળેલી દાનની યાદી

| | |
|---|---|
| રૂા. ૧,૧૧,૧૧૧/- | ડૉ. મીત અતુલ કડકીઆના લગ્ન પ્રસંગે મળેલ છે હસ્તે ડૉ. અતુલ અને ડૉ. સ્વાતી કડકીઆ. |
| રૂા.૪૦,૦૦૦/- | શ્રી સુધીરભાઈ રમણલાલ ધારીઆ (ભટ્ટી) તરફથી પુસ્તક સમિતિ માટે આવેલ છે. |
| રૂા. ૫૧,૦૦૦/- | શ્રીમતી રમતીબેન ચીમનલાલ પરીખ હસ્તે શ્રીમતી પૂર્ણીમાબેન હર્ષદરાય પરીખ તરફથી દિવાળી પર્વ આર્થિક રાહત યોજના હેઠળ મળ્યા છે. |
| રૂા. ૧૦,૦૦૦/- | શ્રી રાજુભાઈ મણીલાલ શાહ ઉપનગર શૈક્ષણિક પારિતોષિક યોજના ધોરણ કે જી. થી ૯મી હેઠળ મળ્યા છે. |

**સંસ્થાવતી**

**સહુ દાતાઓ અને તેમના પરિવારનો આભાર.**



શ્રીમતી પુષ્પાબેન ભીખાલાલ કોટીઆ ના જે જે શ્રી ગોકુલેશ

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
# શ્રીમતી શાંતાબેન શાંતીલાલ શાહ (ચોક્સી) પુરસ્કૃત
# વાર્ષિક પારિતોષિક યોજના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરિક્ષાઓમાં વર્ષ ૨૦૧૬-૨૦૧૭માં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ તથા બહેનોને પારિતોષિકો આપવાના છે.

જેમાં K.G. ધોરણ ૧ થી ૯, S.S.C., H.S.C., B.Com, B.Sc, BDC, CA, LLB, MBA, MBBS વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે.

તો દરેક પરિક્ષામાં સારા માર્ક સાથે ઉત્તીર્ણથનાર વિદ્યાર્થી ભાઈ બહેનોએ પોતાની માર્કશીટ (ઝેરોક્ષકોપી) પાછળ પુરું નામ, સરનામું તથા ફોન નંબર સાથે લખીને ૧૦-૫-૧૭ સુધીમાં સંસ્થાની ઓફીસમાં આપી જવા વિનંતી.

ઈનામનું વિતરણ સંસ્થાના વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે.

**મંત્રીઃ ભાવેશ બીપીન મોદી** **સંયોજક : જાસ્મીન બીપીન શેઠ**

---

## હોસ્પિટલ સહાય યોજના - સ્વાસ્થ્ય યોજના

| | |
|---|---|
| – શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી | – સ્વાસ્થ્ય યોજના |
| – શ્રીમતી તારાબેન કીર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ | – હોસ્પીટલ સહાય યોજના |
| – શ્રીમતી કમળાબેન ચીમનલાલ ઘારીઆ (રંગુનવાળા) | – ટ્રીટમેન્ટ ફોર કેન્સર |
| – ઉજસ અનીષ ગાંધી | – ટ્રીટમેન્ટ ફોર બાય-પાસ સર્જરી |
| – શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ | – ટ્રીટમેન્ટ ફોર કીડની ડાયાલીસીસ |
| – શ્રીમતી દમયંતીબેન પ્રવિણચંદ્ર શાહ (ઝાટ) | – ટ્રીટમેન્ટ ફોર ઓર્થોપેડીક સર્જરી |

## અગત્યની જાહેરાત

મંડળ સંચાલિત ઉપર્યુક્ત પ્રવૃત્તિઓના અનુસંધાનમાં ચાલુ વર્ષ (૨૦૧૭-૨૦૧૮) હોસ્પિટલ તથા સ્વાસ્થ્ય યોજનાની સહાય લેવા ઈચ્છુક સભ્યોને નવા ફોર્મ નીચે જણાવેલ એડ્રેસ પરથી મેળવી વિગતવાર ભરીને મોકલવું.

**સમીર જયેન્દ્ર ગાંધીઃ** નિકોશી ટ્રેડીંગ, ૧૨/૫, ૧લે માળે, અજમેરા હાઉસ, ૬૩/૬૭ પાઠકવાડી, લુહાર ચાલ, મુંબઈ-૪૦૦૦૦૨, ફોન નંબરઃ ૨૨૦૬૦૨૯૪

**મંત્રીઃ ભાવેશ બીપીન મોદી** **સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘની
# વર્ષ ૨૦૧૭-૨૦૨૨ માટે પ્રમુખ તથા કાર્યવાહક સમિતિના સભ્યોની
# ૨૧ બેઠકોની ખાલી પડતી બેઠકોની ચૂંટણી અંગે

વર્ષ ૨૦૧૭-૨૦૨૨ માટે એક પ્રમુખ તથા કાર્યવાહક સમિતિના સભ્યોની ૨૧ બેઠકો માટે ઉમેદવારી પત્રકો મેળવવાની અને સ્વીકારવાની તા. ૨-૫-૧૭ મંગળવાર થી તા. ૪-૫-૧૭ ના ગુરુવાર રોજ સાંજે ૭ કલાક સુધી. ઉમેદવારી પત્રકો પાછા ખેંચવાની તારીખ ૫-૫-૨૦૧૭ અને તા. ૬-૫-૨૦૧૭ શનિવાર સાંજે ૬ કલાક સુધી.

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**સ્થળઃ** શ્રીમતી તારાબેન રતીલાલ પરીખ કાર્યાલય

**કાર્યાલયઃ** ૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ
વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪

**સમયઃ** બપોરે ૨.૦૦ થી સાંજે ૭.૦૦

ચુંટણીની જરૂર પડતા ચુંટણી વાર્ષિક સામાન્ય સભાનાં દિવસે રાખવામાં આવશે.

ખાલી પડતી બેઠકો નીચે મુજબ છે.

**પ્રમુખ**

૧) શ્રી કલ્પેશ સુરેશ ધારીઆ

**શહેર વિભાગ**

૧) શ્રી ભાવેશ બીપીન મોદી
૨) શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદી
૩) શ્રી જાસ્મીન બીપીન શેઠ
૪) શ્રી જતીન ભીખાલાલ કોટીઆ
૫) શ્રી જીતેન્દ્ર પ્રવિણચંદ્ર પારેખ
૬) શ્રી કિર્તી હીરાલાલ કડકીઆ
૭) શ્રી સંજય જયંતીલાલ શાહ
૮) શ્રી સમીર જયેન્દ્ર ગાંધી
૯) શ્રી સમીર પ્રવિણચંદ્ર ધારીઆ
૧૦) શ્રી ચીરાગ ચંદ્રકાંત પરીખ
૧૧) શ્રી જગદીશ શાંતીલાલ પરીખ
૧૨) શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ

**ઉપનગર વિભાગ**

૧) શ્રી નીલેશ નવનીતલાલ શાહ
૨) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ
૩) શ્રી વસંત નટવરલાલ દેસાઈ
૪) શ્રી કમલેશ ચંદ્રકાંત દોશી
૫) શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી
૬) શ્રી કેતન રજનીકાંત કડકીઆ
૭) શ્રી અજીત નટવરલાલ મોદી
૮) શ્રી મનીષ ચંદ્રકાંત પરીખ
૯) શ્રી સુનીલ નવીનચંદ્ર મોદી

**નોંધઃ**

૧) દરેક ઉમેદવારે લેખિત અરજી કરીને પોતાનું ઉમેદવારી પત્રક સંસ્થાના કાર્યાલય ખાતેથી મંગાવવાનું રહેશે.
૨) દરેક ઉમેદવારે પોતાના ફોર્મ પોતે ભરવાના રહેશે.
૩) દરેક ઉમેદવાર સંસ્થાનો આજીવન સભ્યો હોવો જરૂરી છે. તા. ૩૧-૩-૨૦૧૭ સુધી બનેલ આજીવન સભ્યનેજ મત આપવાનો અધીકાર રહેશે. બંધારણ કલમ ૧૦ (૫ એ) મુજબ.
(૪) ફારેગ થયેલ સભ્યો તેમનું ઉમેદવારી પત્ર નોંધાવી શકે.


શ્રીમતી લતાબેન શૈલેશકુમાર શાહ (શહેરાવાળા)ના જે જે શ્રી ગોકુલેશ

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)

### સહભાગી સ્વ. મંજુલાબેન શાંતિલાલ પરીખ અને સ્વ. શાંતિલાલ સાંકરલાલ પરીખ (રાઠોડીઆ)

## નોટબુક રાહત યોજના

સંસ્થા દ્વારા ચાલતી ઉપર્યુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો તા. ૨૫-૫-૧૭ થી સંસ્થાની ઓફિસમાં સંપૂર્ણ વિગતો સાથે ભરીને આપી જવા. આ અંગેનો નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

**નોંધઃ** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૪-૬-૨૦૧૭ના રવિવારે સવારના ૯ કલાકે સંસ્થાના કાર્યાલય ખાતે કરવામાં આવશે.

**નોંધઃ** ફક્ત નવા અરજીપત્રકો જ સ્વીકારવામાં આવશે.

**કાર્યાલયનો સમયઃ** સોમવાર થી શનિવાર બપોરે ૨ થી ૭ રવિવાર સવારે ૯.૩૦ થી ૧૧.૩૦.

(દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.)

**મંત્રીઃ ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાળા)** **સંયોજકઃ અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**



શ્રી સુકેતુ આર. મોદી (સી. લાઈટ) ના જે જે શ્રી ગોકુલેશ

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રીમતી શાંતાબેન કાંતિલાલ મોદી પુરસ્કૃત મહિલા વિભાગનો આગામી કાર્યક્રમ 'ફેશન શો' તા. ૩ જૂન ૨૦૧૭ના જયહિંદ ઓડિટોરિયમમાં બપોરે ૨.૩૦ વાગે રાખવામાં આવ્યો છે. ઉંમર વર્ષ ૭ થી ઉપરના બધાઓમાં ભાગ લઈ શકશે.

જેને પણ ભાગ લેવો હોય તેઓ પોતાના નામ ઉંમર સાથે કોઈ પણ કમિટી મેમ્બરને તા. ૩૦ એપ્રિલ સુધીમાં આપી શકાશે.

આ કાર્યક્રમના પાસના રૂા. ૧૫૦ રાખેલ છે. પાસ તા. ૨૫-૫-૨૦૧૭ ના રોજ સંસ્થાની ઓફિસમાંથી આપવામાં આવશે. અથવા કોઈ પણ કમિટી મેમ્બર પાસેથી લઈ શકાશે.

કાર્યક્રમમાં મેમ્બરશીપ કાર્ડ લાવવું જરૂરી છે.

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : અલ્પા કડકીઆ - ૯૮૧૯૬૨૯૦૬૨**

---

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ
# તથા શ્રી બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ

## અનુકરણીય દાન - વચન

**સખાવતી દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી**

| | | |
|---|---|---|
| ૧) | અનામી દાતા | રૂા.૫,૦૦,૦૦૦/- |
| ૨) | રાજેશ કડકીઆ (૫X૧૦,૦૦૦) | રૂા. ૫૦,૦૦૦/- |
| ૩) | પૂર્ણિમા હર્ષદરાય પરીખના સ્મણાર્થે<br>સ્વ. હર્ષદરાય ચીમનલાલ પરીખ | રૂા. ૨૫,૦૦૦/- |
| ૪) | પરેશ વિનુભાઈ મહેતા | રૂા. ૨૫,૦૦૦/- |

---

## હીંડોળા ખાટ



(૧) ભગવાન રામનો જન્મદિવસ (૫)
(૨) ચૈત્રીમાં શક્તિ ઉપાસનાના દિવસો (૪)
(૩) ત્રણ કાળનો સમૂહ (૩)
(૪) ઉનાળાની ગરમીમાં આનું શરબત ઠંડક આપે. (૪)
(૫) આની ઉણપ હાડકા પર અસર કરે (૪૧/૨)
(૬) કૌશલ્યા નો જાયો રામ, ........... નો જાયો કૃષ્ણ (૫)
(૭) સીતાનું એક નામ (૩)
(૮) કડવો ................, ઉનાળામાં ઉત્તમ (૩)

જવાબઃ (૧) રામ નવમી, (૨) નવરાત્રી (૩) ત્રિકાળ (૪) કાચીકેરી, (૫) કેલ્શિયમ (૬) યશોદામૈયા, (૭) મૈથિલી (૮) લીમડો

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રી મનોજભાઈ અમરીશભાઈ કચેરીયા કન્સેશનલ રેટ નોટબુક યોજના

ગત વર્ષ મુજબ ચાલુ વર્ષે આપ સૌની જરૂરીયાત ધ્યાનમાં રાખીને

બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ હાથ ધરેલ છે.

**એ-૪ સઈઝ કોલેજ બુક ૧૫૦ રૂ. ડઝન**

આ વેચાણ તા. ૨૧-૫-૧૭ના રોજ સવારે ૯ કલાકે નીચે જણાવેલ સ્થળોએથી હાથ ધરાશે

અને નોટબુકો હશે ત્યાં સુધી મળશે.

**શહેર વિભાગઃ શ્રી બાલાસિનોર નવયુવક સંઘઃ**

૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪

**સમયઃ** સોમવારથી શનિવાર ૨.૦૦ થી ૭.૦૦, રવિવાર સવારના ૯.૩૦ થી ૧૧.૩૦.

**નોંધઃ** દર બુધવારે સંસ્થાની ઓફીસ બંધ રહેશે.

**પરા વિભાગ**

૧) **શ્રી અજય પ્રવિણચંદ્ર દોશીઃ** બી/૧૨ નવશિલ્પવાની, લલ્લુભાઈ પાર્ક રોડ, એક્ટ-૧, સુર્યા નર્સિંગ હોમની સામે, અંધેરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૫૮, મોબાઈલઃ ૯૮૧૯૩૪૨૮૫૬.,
સમયઃ સવારના ૧૦ થી ૧૨.૨૦ (ફક્ત રવિવાર)

૨) **પરીખ કોકીલાબેન હીરાલાલ (ડાબલી)ઃ** ૨૪/એ, કૈલાશ નગર, શંકર ગલ્લી, કાંદિવલી (વેસ્ટ)
મુંબઈ - ૪૦૦૦૬૭, સમયઃ સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

૩) **શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા)ઃ** સી ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરિવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૯૨, સમયઃ સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર).

**નોંધઃ** ગયા વર્ષની માર્કશીટની નકલ અથવા હોલટીકીટની નકલ સાથે લાવવી ફરજીયાત છે. તે સિવાય નોટબુકો આપવામાં નહી આવે.

**મંત્રીઃ ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાળા)** **સંયોજક : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**


સ્વ. લીલાબેન નવનીતલાલ શાહ (ખડગોધરાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ



# જ્યોતિપુંજ ચિત્રકામ હરિફાઈ



**જ્યોતિપુંજ સહર્ષ યોજે છે ચિત્રકામ હરિફાઈ.**

**આ હરિફાઈ બે ગ્રુપમાં રાખી છે. હરિફાઈ માટેના વિષયો, નિયમો નીચે મુજબ છે.**

૧) ગ્રુપ નં.- ૧ (ઉંમર વર્ષ ૪ થી ૮ વર્ષ)

**વિષયઃ** આ ગ્રુપના બાળકોએ જ્યોતિપુંજ માર્ચ અથવા એપ્રિલ ૨૦૧૭ના પાના નં. ૧૯ પર દોરેલ ડોરેમોન ના ચિત્રમાં મનગમતા રંગ પુરવા. (રંગના માધ્યમ કોઈ પણ ચાલશે.)

૨) ગ્રપુ નં.-૨ (ઉંમર વર્ષ ૯ થી ૧૨ વર્ષ)

સ્ટાન્ડર્ડ સાઈઝના ડ્રોઈંગ(A-૪) પેપર પર નીચેના માંથી કોઈ પણ એક વિષય પર ચિત્ર દોરવું.

**વિષયઃ** (૧)રાજા - રાણી, (૨) હિંડોળો (ઝૂલો), (૩) રણમાં ઉત્સવ,(૪) માનવીના વફાદાર મિત્રો - પશુ (પ્રાણીઓ) (૫) પદાર્થ ચિત્ર (ઓબજેક્ટ)માં નીચેની વસ્તુઓ ટેબલ પર દોરોઃ(ક) લેપટોપ, (ખ) ફૂલદાની (ફલાવર વાઝ), (ગ) કોઈપણ બે ફળ, (ઘ) ગોગલ્સ, (ચ) કેપ (માથાની ટોપી)

**નિયમોઃ**

૧) એક બાળકનું એક જ ચિત્ર સ્વીકારાશે.

૨) ચિત્ર પર કંઈ જ લખવું નહીં પરંતુ આ સાથે એક સ્વચ્છ સારા કાગળ પર વસ્તીપત્રક ક્રમાંક, પિતાનું આખુ નામ, ખીજ, બાળકનું આખું નામ, ઉંમર ધોરણ (જેની પરીક્ષા આપી હોય તે) સરનામું, ટેલીફોન નંબર લખવા.

૩) વિગતલખેલા કાગળ સાથે ચિત્ર કવરમાં પેક કરી, કવર પર જ્યોતિપુંજ ચિત્રકામ હરિફાઈ લખી પ્રશાંત પરીખની ઓફિસે રૂબરૂ અથવા પોસ્ટ, કુરિયર દ્વારા મોકલવું. એડ્રેસ : એપેક્સ સર્વિસીઝ, ૫૯, નંદ ભવન, રૂમ નં. ૩૫, બીજે માળે, બાબુગેનુ રોડ, લોહાર ચાલ, મુંબઈ - ૨, સમય : બપોરના ૧૧ થી સાંજના ૭.

૪) તમારું ચિત્ર તા. ૭-૫-૨૦૧૭ સુધી અમને મળી જવું જોઈએ.

૫) બંને ગ્રુપમાં પ્રથમ, દ્વિતિય, તૃતીય ઈનામો એનાયત થશે અને નિર્ણાયકોના મત મુજબ કોન્સોલેશન પ્રાઈઝ પણ આપવામાં આવશે.

૬) સંઘના હોદ્દેદારો તથા તંત્રી મંડળના નિર્ણયો બધી બાબતમાં આખરી ગણાશે.

# મોહે રંગ દે



# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંસ્થા સમાચાર

- મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘની દ્દ્રી બેઠક

તા. ૧૫-૩-૨૦૧૭ના રોજ સાંજે ૬.૪૫ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆના નેજા હેઠળ મળી હતી.

તેમાં નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

૧) સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠ એ ગત મિટિંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૨) શ્રી સુરેન્દ્રભાઈ પરીખ (સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશનની અને શ્રી દક્ષેશભાઈ / શ્રી મીનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝીસ) આંતરિક રમત ગમતના સંયોજક શ્રી અજીત મોદીએ હિસાબ રજુ કર્યો હતો. એ સંવાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૩) શ્રી નટવરલાલ ચુનીલાલ મોદી (ચેપ) બી.એન.એસ. જનસાથી ટ્રોફી, શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા) બી.એન.એસ. લાલખા ટ્રોફી, શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા)/ શ્રી પુનમચંદ સાંકરલાલ કડકીઆ (બેરા), શ્રી એન.એસ.લાલખા-બેરા T-૨૦ ના સંયોજક શ્રી ચીરાગ પરીખએ એમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૪) શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાળા) ઉપનગર વિભાગના સંયોજક શ્રી કેતન કડકીઆ અનઉપસ્થિત હોવાથી તેનો હિસાબ આગલી મીટીંગમા આવશે.

૫) શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાલા) વાર્ષિક રસોત્સવના સંયોજક શ્રીમતી અમી ધારીઆ અનઉપસ્થિત હોવાથી તેમનો હિસાબ આગલી મીટીંગમાં આવશે.

૬) ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) તથા તેમનો પરિવાર દિવાળી પર્વ આર્થિક રાહત યોજનાના સંયોજક શ્રી સુનીલ મોદી અનઉપસ્થિત હોવાથી તેમનો હિસાબ આગલી મીટીંગમા આવશે.

૭) શ્રી મનોજભાઈ - શ્રી અમરીશભાઈ કન્સેશનલ રેટ નોટ બુક યોજના અને શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ નોટબુક રાહત યોજનાના સંયોજક શ્રી જીતેન્દ્ર પારેખએ એમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૮) શ્રી મનોજભાઈ - શ્રી અમરીશભાઈ કન્સેશનલ રેટ નોટ બુક યોજનાના સંયોજક શ્રી અલ્પેશભાઈ ધારીઆએ આ વર્ષે કુલ બે ટેન્ડર આવ્યા હતા તેની જાણ કરી હતી. ચર્ચા વિચારણા બાદ આ ઓર્ડર વિશાલ સ્ટેશનરી માર્ટ ને આપવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું.

૯) કુલ ૧ અરજી શ્રી સરોજબેન શશીકાંત દેસાઈની આજીવન સભ્ય તરીકેની આવેલ હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવેલ હતી.

૧૦) કુલ ૩ લિવની અરજી આવી હતી તેમના નામ


શ્રી નીતીન રસીકલાલ ગાંધી (લોઢાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

શ્રી જીગર કડકીઆ, શ્રી અજય દોશી, શ્રી વ્રજેશ દેસાઈ તે પસાર કરવામાં આવી હતી.

૧૧) પ્રમુખશ્રીએ આભારમાની સભા બરખાસ્ત કરી હતી.

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૭મી બેઠક**

તા. ૨૭-૩-૨૦૧૭ના રોજ સાંજે ૬.૪૫ કલાકે શ્રી મોહનલાલ સાકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ મળી હતી.

તેમા નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

૧) સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠએ ગત મિટિંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામા આવ્યો હતો.

૨) બી.પી.એલ. પ્રિમયમ લીગના સંયોજક શ્રી ચીરાગ પરીખે એમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૩) શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાલા) ઉપનગર વિભાગના સંયોજક શ્રી કેતન કડકીઆએ એમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૪) શ્રી રજનીકાંત કાન્તીલાલ કડકીઆ (ધરીવાલા) વાર્ષિક રસોત્સવના કો-ઓર્ડીનેટર અને સંસ્થાના ઉપપ્રમુખ શ્રી સૌમિલ મોદીએ એમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૫) ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) અને તેમનો પરિવાર દિવાળી પર્વ આર્થિક રાહત યોજનાના સંયોજક શ્રી સુનીલ મોદીએ એમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૬) શ્રીમતી શાંતાબેન કાન્તીલાલ લાલચંદ દોશી મહિલા વિભાગના સંયોજક શ્રીમતી અમી ધારીઆ અનઉપસ્થિત હોવાથી સંસ્થાના મંત્રી શ્રી ભાવેશ મોદીએ એમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૭) શ્રીજી મેડિકલ યોજનાના સંયોજક તથા સંસ્થાના સહમંત્રી શ્રી નિલેશ શાહ અનઉપસ્થિત હોવાથી સંસ્થાના સંહમંત્રી શ્રી જસ્મીન શેઠએ એમનો હિસાબ તથા અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૮) શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી હેલ્થ સ્કીમ, શ્રીમતી તારાબેન લલ્લુભાઈ હોસ્પિટલ એન્ડ સ્કીમ, શ્રીમતી કમલાબેન ચીમનલાલ ધારીઆ (રંગુનવાલા) ટ્રીટમેન્ટ ફોર કેન્સર, ઉજસ અનીષ ગાંધી ટ્રીટમેન્ટ ફોર બાય પાસ સર્જરી, શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ ટ્રીટમેન્ટ ફોર કીડની ડાયાલીસીસ તથા શ્રીમતી દમયંતીબેન પ્રવીણચંદ્ર શાહ (ઝાટ) ટ્રીટમેન્ટ ફોર ઓર્થોપેડીક સર્જરીના સંયોજક શ્રી સમીર ગાંધીએ એમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૯) શ્રીમતી મણીબેન રમણલાલ મોદી (ભઠ્ઠી) ટેક્ષબુક સ્કીમ ધોરણ ૧ થી ૧૦, શ્રી મનોજભાઈ પ્રવિણચંદ્ર કચોરીઆ મેડિકલ અનો

એન્જીનીયરીંગ ટેક્ષબુક સ્કીમ, શ્રી કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરતી) અને પરિવાર પોસ્ટ ગ્રેજ્યુએશન ટેક્સબુક સ્કીમ, શ્રીમતી નુતનબેન અક્ષયભાઈ પરીખ (બખલી) IX ધોરણથી ગ્રેજ્યુએશન ટેક્ષબુક સ્કીમ અને માતૃશ્રી મણીબેન અને વલ્લભદાસ ગરબડદાસ ગાંધી પ્રોફેશનલ કોર્સ ટેક્ષબુક સ્કીમના સંયોજક શ્રી જગદીશ પરીખે એમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૧૦) શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાલા) કોમ્પ્યુટર એજ્યુકેશન યોજનાના સંયોજક શ્રી અલ્પેશ ધારીઆએ એમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૧૧) ગીરીપુજા કોકીલાબેન પ્રવિણચંદ્ર બીનચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) જનતા ફી સહાય યોજનાના સંયોજક શ્રી સમીર ગાંધીએ એમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૧૨) જ્યોતિપુંજના તંત્રી શ્રી બંકિમ પરીખે એમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૧૩) આ વર્ષે સંપૂર્ણ કમિટી ફારેગ થવાથી આ વર્ષે ચૂંટણી કરવાની રહેશે તેની વિવિધ વિગત આ અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવી છે.

૧૪) શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (લટકારી)ની ચૂંટણી અધ્યક્ષ તરીક નિમણૂક કરવાની અરજુઆત કરામાં આવી જે સર્વાનુ મતે પસાર કરવામા આવ્યું હતું.

૧૫) તા. ૬-૫-૧૭ના રોજ વન ડે મિટીંગ તથા ૨૮-૫-૧૭ના રોજ વાર્ષિક સામાન્ય સભા યોજવામાં આવશે.

૧૬) કુલ બે લિવની અરજી આવી હતી તેઓ શ્રી અજય દોશી અને શ્રી હેમેન્દ્ર શાહ તે પસાર કરવામાં આવી હતી.

૧૭) કુલ ૪૦ આજીવન મેમ્બરશીપની અરજીઓ આવી હતી તેમના નામ નીચે મુજબ છે. રૂપા, કમલેશ દોશી, કશીષ પિયુષ પરીખ, ત્વીશ પિયુષ પરીખ, રોમીત સંજય શાહ, ઉદીત કેતન કડકીઆ, શ્રેયા જસ્મીન શેઠ, પ્રતીક નીલેશ મોદી, મહેક મયુર પરીખ, હિનલ મયુર પરીખ, નુપુર બકુલ શાહ, કેનીલ સુનીલ મોદી, શ્રેયા સુનીલ મોદી, જીગ્નેશ સુરેશચંદ્ર શાહ, આયુશી અલ્પેશ ધારીઆ, અદીત અલ્પેશ ધારીઆ, નીહાર જીગ્નેશ ધારીઆ, અમી જીગ્નેશ ધારીઆ, કવીશા નીલેશ ધારીઆ, દર્શના શ્રેયાંશ પરીખ, અવીશ શ્રેયાંશ પરીખ, શ્રેયલ શ્રેયાંશ પરીખ, નીયોમી જતીન કડકીઆ, સ્વપ્નીલ જતીન કડકીઆ, યશ સૌમિલ મોદી, કાજોલ રીપલ પરીખ, હેનાલી સમીર દેસાઈ, સ્વસ્તિક વીકી ગાંધી, અંકીતા પંકજ પટેલ, રૂપલ શરદ પટેલ, પલ્લવી જયેશ મોદી, એકતા જતીન મોદી, કૃનાલ નિમીષ દેસાઈ, પ્રેમલ તીમીર પરીખ, ઈશા જીગર કડકીઆ, મયુર કનુભાઈ પટેલ, દિવ્યા મનોજ પરીખ, સુનીતા જતીન કોટીયા, જય જતીન કોટીયા અને પાર્થ ભાવેશ મોદી તે પસાર કરવામાં આવી હતી.

૧૮) પ્રમુખશ્રીએ આભારમાની સભા બરખાસ્ત કરી હતી.

❖❖❖❖❖

# કે.એમ.જી.જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

બાલાસિનોર કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ)માં તા. ૫-૩-૨૦૧૭ના રોજ ટ્રસ્ટને પ્રોત્સાહિત દાન આપનાર સખાવતી દાતાશ્રીઓનો સન્માન સમારંભ સંસ્થાના પ્રમુખ શ્રી વસંતભાઈ પરીખના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ. સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ પરીખે તમામ દાતાઓનો અને આમંત્રીતોનો આ સુપર સ્પેશીયાલીટી સેન્ટરના વિકાસમાં ફાળો આપવા બદલ હૃદયપૂર્વક આભાર માન્યો હતો. વધુમાં સ્થાનીક દાતાઓને પણ ખભે ખભા મીલાવીને આ પ્રોજેક્ટમાં સહભાગી થવા વિનંતી કરી હતી. આ પ્રસંગે માનનીય ડૉ. નરેશભાઈ વેદ (એમ.એ., પી.એચ.ડી.) આર્શીવચન આપવા પધારેલા. મુખ્ય મહેમાન તરીકે શ્રી અશોકભાઈ કાંતિલાલ મોદી (મોદી એન્ડ કંપની, મુંબઈ) હાજર રહેલા.

આ પ્રસંગે નીચે મુજબના ૧૯ સખાવતી દાતાશ્રીઓનું સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ પરીખ, માનનીય ડૉ. નરેશભાઈ વેદ, શ્રી નવિનભાઈ શાહ તથા શ્રી અશોકભાઈ મોદીના વરદ હસ્તે મોમેન્ટો તથા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ.

૧) શ્રીમતી કોકિલાબેન શિરીષભાઈ મોદી (માનીકોશી)
૨) શ્રી રૂપેશ વસંત પરીખ
૩) શ્રીમતી નીશાબેન અને જયેશકુમાર શાહ (નગરશેઠ)
૪) હંસરાજ જગજીવન શાહ ટ્રસ્ટ
૫) શ્રી સતિષભાઈ રસિકલાલ પરીખ (લાકડાવાળા)
૬) શ્રી મનહરલાલ ચુનીલાલ કડકીઆ (મલમ)
૭) એક શુભેચ્છક દાતા
૮) તન્વી અને યેશા જતીન પટેલ
૯) બાલાસિનોર વિકાસ કો.ઓપ.ક્રેડીટ સોસાયટી લી.
૧૦) શ્રીમતી કપિલાબેન રાવજીભાઈ પટેલ
૧૧) શ્રીમતી તરૂલતાબેન અને કિરીટભાઈ મોદી (દેવ) હસ્તે શ્રી મનીષભાઈ
૧૨) શ્રી મેહુલ બાબુલાલ ધારીઆ (ઓલ્લા)
૧૩) શ્રી રીતેન અને અંજુ ધારીઆ (યુ.એસ.એ.)
૧૪) શ્રીમતી તૃપ્તી નીતીન ગાંધી
૧૫) શ્રી બીપીન વઝરાની
૧૬) શ્રીમતી તારાબેન અને શાંતીલાલ કડકીઆના પરિવાર તરફથી હસ્તે શ્રી રાજેશ કડકીઆ (સી.એ.)
૧૭) શ્રી ચંદ્રકાંતભાઈ ચીમનલાલ દેસાઈ
૧૮) શ્રી રાજુલ મોહનલાલ પરીખ
૧૯) શ્રી વાડાસિનોર તાલુકા સ્ત્રી કેળવણી મંડળ

હોસ્પિટલનો સવિસ્તાર અહેવાલ તેમજ નવનિર્મિત થનાર 'કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટર'ના બાંધકામ અંગેની પ્રગતિનો અહેવાલ સંસ્થાના સ્થાનિક મંત્રીશ્રી રજનીભાઈ ઓચ્છવલાલ શાહે આપેલ.

આપણી આ હોસ્પિટલની પાયાની સ્થાપનાથી માંડીને આજદિન સુધીની પ્રગતિનો અહેવાલ, વહીવટ તથા સંચાલન, સચોટ માહિતી તેમજ હોસ્પિટલનો તથા નવનિર્મિત થનાર સુપર સ્પેશ્યાલીટી સેન્ટર હોસ્પિટલ અંગેનો આર્થિક ચિતાર આ સંસ્થાના અગ્રણી ટ્રસ્ટી અને પાયાના સંનિષ્ઠ તેમજ સક્રિય કાર્યકર મુરબ્બીશ્રી રસિકલાલ સાંકરલાલ મોદી(દેવ)એ આપેલ. તેઓશ્રી સને - ૧૯૭૪ થી આ સંસ્થા સાથે સક્રિય અને પોતીકી રીતે સંકળાયેલા છે. આજુબાજુના તાલુકાઓના જે ગરીબ અને

મધ્યમવર્ગના દરદીઓ હાલ લાભ લઈ રહ્યા છે તે લાભ હજુ વધુ ને વધુ લાભ લઈ શકે તે માટે સમારંભમાં ઉપસ્થિત તમામ આમંત્રીતો તથા બાલાસિનોરના નગરજનોને ઉદારહાથે દાન આપવા માટે જાહેર વિનંતી કરેલ. જેથી બાલાસિનોર નગરની તેમજ તાલુકાની તથા આજુબાજુના ચાલીસેક કીલોમીટરના વિસ્તારની તથા અન્ય તાલુકાઓની ગરીબ અને મધ્યમવર્ગની જનતા વધુને વધુ લાભ લઈ શકે. માનવતાવાદી ઉમદા વિચારો ધરાવતા મુરબ્બીશ્રી રસિકકાકા(દેવ)ના સૂચનોને આવકારી સંસ્થાના કારોબારી મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ ઉપસ્થિત સર્વે આમંત્રીતોને દાનની ગંગા વહેવડાવવા માટે જાહેર અપીલ કરેલ. સંસ્થાના ઉપપ્રમુખશ્રી કાર્તિકભાઈ કડકીઆ તેમજ આણંદથી ડૉ. શિશિરભાઈ પી. ગાંધી (એમ.ડી.મેડીસીન) તથા સંસ્થાના બીજા કારોબારી મંત્રીશ્રી નિતિનભાઈ પરીખ તથા ખજાનચી શ્રી પરેશભાઈ પરીખ (દૂધવાળા) પણ સદર સમારંભમાં ઉપસ્થિ રહેલા.

માનનીય ડૉ. નરેશભાઈ વેદે પ્રાસંગિક પ્રવચન કરેલ. તેઓશ્રીએ જણાવેલું કે, આ હોસ્પિટલ જાહેર જનતા માટે ઘણીજ આર્શીવાદરૂપ છે અને આ સમારંભમાં ઉપસ્થિત તમામ નગરજનોને આ સંસ્થામાં અવિરત દાનનો પ્રવાહ ચાલુ રાખીને ગરીબ દરદીઓની વધુને વધુ સેવા કરી માનવતાના આ માયાળુ કૃત્યને વધુ વેગવાન બનાવવા માટે હૃદયપૂર્વક આહવાન કરેલ અને તેઓશ્રીએ વધુમાં આ પ્રસંગે જણાવેલ કે આ સંસ્થા આવકવેરા ધારાની કલમ ૩૫ એસી મુજબની માન્યતા અંગેનું પ્રમાણપત્ર ધરાવે છે. તો સર્વે વિશાળ તેમજ ઉદારદિલના સખાવતી દાતાશ્રીઓને આ સર્ટીફીકેટનો લાભ લેવા વધુનેવધુ દાાન આપવા માટે જાહેર અપીલ કરેલ.

આ પ્રસંગે સમારંભના મુખ્ય મહેમાન શ્રી અશોકભાઈ મોદીએ લાગણીસભર પ્રવચન કર્યુ હતું. તેઓશ્રીએ મોદી એન્ડ મોદીના વાડાસિનોર ખાતે આવેલા બે બંગલા આ સંસ્થાને દાનમાં આપવાની ઉમદા જાહેરાત કરી હતી અને તેઓશ્રીએ તેમના પિતાશ્રીની ભાવનાઓની કદર કરી હતી અને હોસ્પિટલના વિકાસમાં સહભાગી થવા સૌ આમંત્રીતોને અપીલ કરી હતી. સમાજના વિકાસ માટે ખુલ્લા દિલે દાન કરવું તે અતિ ઉત્તમ માર્ગ છે.

આ પ્રસંગે સંસ્થાના કારોબારી મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ નવનિર્મિત 'કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટર'ના વિવિધ વિભાગોના નામકરણ માટે નીચે મુજબની સ્કીમો માટે દાતાશ્રીઓ આવકાર્ય છે તેમ જાહેર કરેલ અને તમામ દાતાશ્રીઓએ ટ્રસ્ટની 35AC તથા FCRA નો લાભ લેવા તેમજ ઉદાર હાથે ઉમદા દાન આપવા વિનંતી કરેલ.

**વિવિધ વિભાગોના નામકરણ માટે આવકાર્ય દાનની સ્કીમો નીચે મુજબ છે.**

| | | |
|---|---|---|
| ૧) | રેડીયોલોજી વિભાગ | રૂા. ૧ કરોડ |
| ૨) | એલીવેટર્સ, જનરેટર્સ, ઈન્વેર્ટર્સ તથા ઈલેક્ટ્રીકલ પંપીંગ | રૂા. ૧કરોડ |
| ૩) | સોફ્ટવેર પ્રોગ્રામ, સી.સી.ટી.વી., ટેલીફોન તથા વાયફાય, કોમ્પ્યુટર્સ તથા ટી.વી. સેટ્સ | રૂા. ૫૦ લાખ |
| ૪) | લેપ્રોસ્કોપી વિભાગ | રૂા. ૨૫ લાખ |
| ૫) | કોન્ફરન્સ હોલ (૫૦૦ સ્કે.ફીટ) | રૂા. ૨૫ લાખ |
| ૬) | મેમોગ્રાફી વિભાગ | રૂા. ૨૫ લાખ |
| ૭) | એડમીનીસ્ટ્રેશન બ્લોક | રૂા. ૨૫ લાખ |
| ૮) | બ્લડ કલેકશન રૂમ | રૂા. ૧૦ લાખ |
| ૯) | કેન્ટીન | રૂા. ૧૦ લાખ |
| ૧૦) | ડૉકટરોની કન્સલ્ટીંગ રૂમો ૧૨ રૂમો એક રૂમના પાંચ લાખ | રૂા. ૬૦ લાખ |
| ૧૧) | આઈ.સી.યુ. તથા સુપર ડીલક્ષ રૂમો માટે ઓટોમેટીક પલંગ (૦૬ નંગ) ૧ લાખ પ્રમાણે | રૂા. ૦૬ લાખ |
| ૧૨) | હાયટ્રોલીક પલંગ (૬૦ નંગ) ૧ નંગના ૫૦ હજાર પ્રમાણે | રૂા. ૩૦ લાખ |
| ૧૩) | સ્ટીલ બેન્ચ (૫૦ નંગ) ૧ નંગના ૨૧ હજાર પ્રમાણે | રૂા. ૧૦ લાખ |

ઉપરોક્ત વિભાગ માટે દાતાશ્રીઓ આવકાર્ય છે. માનવતાના આ કાર્યમાં ઉદાર હાથે ફાળો આપી સહભાગી થવા વિનંતી.

**શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નીતીન પરીખ**



શ્રીમતી દિપીકા પંકજ ધારીઆ (લાલખા) ના જે જે શ્રી ગોકુલેશ

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

શ્રી બાલાસિનોર કેળવણી મંડળ સંચાલિત ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) પ્રાથમિક શાળાનો અને કમળા બાલ મંદિરનો વાર્ષિકોત્સવ અનુક્રમે શુક્રવાર તા. ૩-૧૦-૧૭ તેમજ ૧૦-૧૦-૧૭ના દિને પ્રાથમિક શાળાના પટાંગણમાં તથા સિધ્ધનાથ મહાદેવ પાર્ટી પ્લોટમાં આનંદપૂર્વક ઉજવવામાં આવ્યો.

આ પ્રસંગે શાળાનાં વિદ્યાર્થીઓએ તેમજ બાલમંદિરનાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ મનોરંજન કાર્યક્રમ રજૂ કર્યો હતો.

પ્રાથમિક શાળાના કાર્યક્રમના મુખ્ય મહેમાનપદે પ્રવીણચંદ્ર ઓ. દેસાઈ (દેડકી) અને અતિથિવિશેષ તરીકે પ્રફુલ્લ ઓ. શેઠ ઉપસ્થિત રહ્યા. બાલમંદિરના મુખ્ય મહેમાન અયુબભાઈ હાસમવાળા હતા. તદુપરાંત તેજસભાઈ જગદીશચંદ્ર ગુરુ સવિશેષ ઉપસ્થિત રહ્યા. બંને કાર્યક્રમોમાં મુંબઈવાસી તેમજ સવિશેષ સ્થાનિક નગરજનો, વાલીઓ, વિદ્યાર્થીઓ અને બાળકોએ વિશાળ સંખ્યામાં હાજર રહી કાર્યક્રમ સફળ બનાવ્યો. મુખ્ય મહેમાનો અને અતિથિવિશેષશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું.

આ કાર્યક્રમ તૈયાર કરવા પાછળ પ્રાથમિક શાળાના સહાયકો તેમજ બાલમંદિરનાં પ્રીતીબેન કાછીઆ અને તેમનાં સાથી સહાયકોએ ખૂબ પરિશ્રમ કર્યો. પ્રાથમિક શાળાના કાર્યક્રમની તૈયારી પ્રજ્ઞાચક્ષુ ભાઈ પિન્ટુ તેમજ પન્નાબેન અને શાળાની શિક્ષિકાઓએ ખૂબ જ થોડા સમયમાં કરાવી હતી.

બંને પ્રસંગે ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. આવકાર ચેરમેન મણીકાન્ત કડકીઆએ કર્યો. શાળાઓ અંગે માહિતી તેમજ પરિચય સ્થાનિક મંત્રી શ્રી રમણભાઈ પટેલે આપ્યો.

પ્રમુખશ્રી પ્રવીણ દેસાઈ તથા પ્રાથમિક શાળાનાં પારૂલબેન તેમજ બાલમંદિરનાં પ્રીતિબહેન પ્રાસંગિક વકતવ્ય આપ્યું. પ્રમુખશ્રીએ બાલમંદિર નાસ્તા તિથિ માટે કરેલ અપીલના પ્રતિસાદમાં અંદાજે એક લાખ પચાસ હજાર રૂપિયાનું દાન મળ્યું.

કાર્યક્રમનું સંચાલન પારૂલબેન તેમજ સુજલબેને કર્યુ.

આભાર દર્શન શ્રી હિતેશભાઈ ડી. પરમારે પ્રાથમિક શાળામાં અને મંત્રીશ્રી નિતીન દેસાઈએ (નાગર) બાલમંદિરમાં કર્યા બાદ કાર્યક્રમ સંપન્ન થયો.


સ્વ. નવીનચંદ્ર મણીલાલ દેસાઈ (તેલવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

**- ભરત કે. પરીખ**
**સમીત બી. પરીખ**
સતનામ સાગર હાઉસીંગ સોસાયટી લીમીટેડ,
ફ્લેટ નં. ૫, પેડર રોડ, મુંબઈ - ૪૦૦૦૨૬
**ઘર:** ૨૩૫૧૭૫૩૧,
**મોબાઈલ:** ૯૯૬૯૩૪૧૩૨૧

## મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ✤ મધુબેન પ્રફુલભાઈ ત્રીવેદી | - |
| ✤ કીર્તનલાલ મગનલાલ ગાંધી (પાકા) | ૯૧ |
| ✤ વિપુલ જયેન્દ્ર મોદી (ચૌધરી) | ૫૧ |
| ✤ હર્ષદ ભીખાલાલ કડકીઆ | ૬૯ |
| ✤ ચંદ્રિકાબેન નટવરલાલ ગાંધી | ૮૩ |
| ✤ ધારીઆ અશોક રમણલાલ (દાઉદીયા)(U.S.A) | ૭૨ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

**જ્યોતિપુંજ :** દર મહિનાની ૨૧ તારીખે જ્યોતિ પુંજ જી.પી.ઓ. પોસ્ટ ઓફિસ (વીટી) દ્વારા તમારા સરનામે પોસ્ટ કરાય છે. તેમજ ઓનલાઈન www.balasinor.org પર અપલોડ કરાય છે જેથી તમે તમારા કોમ્પ્યુટર પર પણ જ્યોતિપુંજ વાંચી શકો છો. જ્યોતિપુંજ ન મળતાં હોય તો તમે તમારું નામ, સરનામું એકવાર ચેક કરાવવા માટે શ્રી સમીર ગાંધી (નીકોશી ટ્રેડીંગ કંપની) નો સંપર્ક કરો. સરનામું બદલાયું હોયતો લેટરની બે કોપી લખી ને તેમને જ મોકલાવો. પ્રેસ થી જી.પી.ઓ પોસ્ટીંગ સુધી અમે પૂરેપૂરી તકેદારી રાખીએ છીએ. પરંતુ આ કળિયુગમાં ભ્રષ્ટાચાર અને બેજવાબદારી, બેદરકારી ઘણા ક્ષેત્રમાં પગ કરી ગઈ છે. માટે તમે તમારા એરિયાની પોસ્ટઓફિસમાં સંપર્ક કરો, ફરિયાદ કરો. જ્યોતિપુંજ દર મહિને સમયસર બરાબર મળે તે માટે તમે કોશિશ કરો. પોસ્ટ કરેલ જ્યોતિપુંજ ન મળતા હોય તો તે માટે શ્રી બાલાસિનોર નવયુવક સંઘના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, સભ્યો કે જ્યોતિ પુંજના મંત્રી તથા તંત્રી તેમજ તંત્રી મંડળના સભ્યો જવાબદાર રહેતા નથી તેની સર્વે એ નોંધ લેવી.